Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 16
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 00
Roll No. : ____________

## SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 46)

1. પંચાયતીરાજનું સૌથી મહત્ત્વનું એકમ કયું છે ?
   A. જિલ્લા પંચાયત B. તાલુકા પંચાયત C. ગ્રામપંચાયત D. સરકાર
2. ગુજરાતમાં પંચાયતીરાજનું માળખું કેટલા સ્તરનું છે ?
   A. પાંચ B. ચાર C. ત્રણ D. બે
3. કેટલી વસ્તીવાળાં ગામોમાં ગ્રામપંચાયત હોય છે ?
   A. 500થી 25,000 B. 400થી 28,000 C. 500થી 26,000 D. 500થી 40,000
4. ગ્રામપંચાયતમાં સામાન્ય રીતે ઓછામાં ઓછા કેટલા સભ્યો હોય છે ?
   A. 9 B. 8 C. 6 D. 5
5. ગ્રામપંચાયતમાં વધુમાં વધુ કેટલા સભ્યો હોય છે?
   A. 10 B. 12 C. 15 D. 16
6. ગ્રામપંચાયતની ચૂંટણી કેટલાં વર્ષે થાય છે?
   A. દર 5 વર્ષે B. દર 7 વર્ષે C. દર 3 વર્ષે D. દર 10 વર્ષે
7. ગ્રામપંચાયતના વડાને શું કહે છે ?
   A. ગ્રામપંચ B. સભાપ્રમુખ C. સરપંચ D. સભાપતિ
8. ગ્રામપંચાયતમાં કોની ચૂંટણી ગામના બધા મતદારો કરે છે ?
   A. ગ્રામસચિવની B. તલાટી-કમ-મંત્રીની C. ઉપસરપંચની D. સરપંચની
9. ગામની પુખ્ત વયની બધી વ્યક્તિઓ કોની સભ્ય ગણાય છે ?
   A. લોકસભાની B. લોકઅદાલતની C. ગ્રામસભાની D. ન્યાયસમિતિની
10. ગ્રામપંચાયતે વર્ષમાં ઓછામાં ઓછું કેટલી વખત ગ્રામસભાનું આયોજન કરવું ફરજિયાત છે?
   A. એક વખત B. ચાર વખત C. બે વખત D. ત્રણ વખત
11. ગ્રામપંચાયતની વહીવટી કામગીરી કોણ કરે છે?
   A. ચીફ ઓફિસર B. તલાટી-કમ-મંત્રી C. કમિશનર D. સરપંચ
12. ગ્રામસભાના અધ્યક્ષ કોણ હોય છે ?
   A. ગામની વડીલ વ્યક્તિ B. ઉપસરપંચ C. મામલતદાર D. સરપંચ
13. તાલુકા પંચાયતમાં સામાન્ય રીતે ઓછામાં ઓછા કેટલા સભ્યો હોય છે ?
   A. 16 B. 21 C. 18 D. 20
14. તાલુકા પંચાયતમાં વધુમાં વધુ કેટલા સભ્યો હોય છે ?
   A. 20 B. 25 C. 32 D. 15
15. તાલુકા પંચાયતમાં મહિલાઓ માટે કેટલા ટકા અનામત રાખવામાં આવે છે?
   A. 30 % B. 50 % C. 33 % D. 40 %
16. તાલુકા પંચાયતની વહીવટી કામગીરી કોણ કરે છે ?
   A. તાલુકા પ્રમુખ
   B. તાલુકા વિકાસ અધિકારી
   C. તાલુકા ઉપપ્રમુખ
   D. ચીફ ઓફિસર
17. સ્થાનિક સરકારનું ત્રીજું સ્તર કયું છે?
   A. જિલ્લા પંચાયત B. તાલુકા પંચાયત C. ગ્રામપંચાયત D. રાજ્ય સરકાર

BHAVDIP VADHER (E-LEARNING)

18. ત્રિ-સ્તરીય પંચાયતીરાજમાં સૌથી ઉપરનું સ્તર કયું છે?
A. કેન્દ્ર સરકાર B. રાજ્ય સરકાર C. જિલ્લા પંચાયત D. ગ્રામસભા

19. જિલ્લા પંચાયતમાં વધુમાં વધુ કેટલા સભ્યો હોય છે?
A. 40 B. 45 C. 50 D. 52

20. જિલ્લા પંચાયતમાં સામાન્ય રીતે ઓછામાં ઓછા કેટલા સભ્યો હોય છે?
A. 32 B. 21 C. 41 D. 35

21. જિલ્લા પંચાયતના વહીવટી વડા ક્યા નામે ઓળખાય છે ?
A. જિલ્લા વહીવટી અધિકારી
B. જિલ્લા પ્રમુખ
C. જિલ્લા વિકાસ અધિકારી
D. જિલ્લા કમિશનર

22. પંચાયતીરાજની ત્રણેય પંચાયતોની મુદત સામાન્ય રીતે કેટલાં વર્ષની હોય છે ?
A. 5 B. 6 C. 4 D. 7

23. જુદી જુદી પંચાયતના સમાજના નબળા વર્ગોના વિકાસ માટે કોણ યોજનાઓ ઘડે છે અને તેનો અમલ કરે છે ?
A. જિલ્લાસભા
B. સામાજિક ન્યાય સમિતિ
C. લોકઅદાલત
D. સામાજિક ન્યાયપંચાયત

24. નગરપાલિકાના એક વૉર્ડમાં કેટલા સભ્યો હોય છે ?
A. 2 B. 3 C. 4 D. 5

25. સામાન્ય રીતે કેટલી વસ્તીવાળાં શહેરોમાં નગરપાલિકા હોય છે ?
A. 10,000 થી વધુ B. 15,000 થી વધુ C. 20,000 થી વધુ D. 25,000 થી વધુ

26. નગરપાલિકાની સભ્યસંખ્યા ઓછામાં ઓછી કેટલી હોય છે ?
A. 28 B. 25 C. 20 D. 15

27. નગરપાલિકાના વડા કયા નામે ઓળખાય છે?
A. ચીફ ઓફિસર B. મેયર C. નગરસેવક D. પ્રમુખ

28. નગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારી ક્યા નામે ઓળખાય છે ?
A. ચીફ ઓફિસર B. પ્રમુખ C. કમિશનર D. મેયર

29. નગરપાલિકાના ચીફ ઓફિસરની નિમણુક કોણ કરે છે?
A. જિલ્લા પંચાયત
B. નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો
C. રાજ્ય સરકાર.
D. જિલ્લા વિકાસ અધિકારી

30. નગરપાલિકાના વડા પ્રમુખનો કાર્યકાળ કેટલા વર્ષનો હોય છે?
A. બે વર્ષનો B. અઢી વર્ષનો C. ત્રણ વર્ષનો D. પાંચ વર્ષનો

31. મહાનગરપાલિકાના વડા ક્યા નામે ઓળખાય છે ?
A. પ્રમુખ B. શાસનાધિકારી C. મેયર D. કમિશનર

32. મેયરની ચૂંટણી કેટલાં વર્ષે થાય છે ?
A. અઢી વર્ષે B. પાંચ વર્ષે C. દર વર્ષે D. સાડા ત્રણ વર્ષે

33. મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારી કયા નામે ઓળખાય છે?
A. મેયર B. મ્યુનિસિપલ કમિશનર C. ચીફ ઑફિસર D. મ્યુનિસિપલ ઓફિસર

BHAVDIP VADHER (E-LEARNING)

34. મહાનગરપાલિકાના કમિશનરની નિમણૂક કોણ કરે છે ?
A. મેયર
B. મહાનગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો
C. મહાનગરપાલિકાની કારોબારી સમિતિ
D. રાજ્ય સરકાર

35. મહાનગરપાલિકાની સૌથી મહત્ત્વની સમિતિ કઈ છે ?
A. આરોગ્ય સમિતિ
B. શિક્ષણ સમિતિ
C. કારોબારી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટિ)
D. નાણાં સમિતિ

36. મહાનગરપાલિકામાં કેટલી વસ્તીએ એક વોર્ડ બનાવવામાં આવે છે ?
A. 75,000ની વસ્તીએ B. 2 લાખની વસ્તીએ C. 50,000ની વસ્તીએ D. 1 લાખની વસ્તીએ

37. સમગ્ર જિલ્લાના વહીવટી વડા કોણ ગણાય છે?
A. મુખ્યમંત્રી
B. જિલ્લા વિકાસ અધિકારી
C. મામલતદાર
D. કલેક્ટર

38. તાલુકા કક્ષાના વહીવટી વડા કોણ ગણાય છે ?
A. તાલુકા વિકાસ અધિકારી
B. મામલતદાર
C. કમિશનર
D. ચીફ ઓફિસર

39. મામલતદાર સરેરાશ કેટલા ગામોના સમૂહના બનેલા તાલુકાના મહેસૂલી વડા છે ?
A. 40 કે તેથી વધુ ગામોના
B. 25 કે તેથી વધુ ગામોના
C. 50 કે તેથી વધુ ગામોના
D. 45 કે તેથી વધુ ગામોના

40. તકરાર (વિવાદ) નિવારણનો શ્રેષ્ઠ વિકલ્પ કયો છે?
A. ગ્રામઅદાલત
B. લોકઅદાલત
C. સામાજિક ન્યાય સમિતિ
D. ગ્રામસભા

41. નાગરિકને મત આપવાનો હક કેટલાં વર્ષની ઉંમરે મળે છે?
A. 15 B. 16 C. 17 D. 18

42. તમારા ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા કોણ કરે છે
A. ગ્રામપંચાયત B. તાલુકા પંચાયત C. જિલ્લા પંચાયત D. મહાનગરપાલિકા

43. તમારા શહેરમાં ચોમાસામાં પાણીનો નિકાલ થતો નથી, તો કોણ મદદરૂપ થશે?
A. ગ્રામસભા B. ગ્રામપંચાયત C. નગરપાલિકા D. નગરપંચાયત

44. જુદી જુદી પંચાયતના સમાજના નબળા વર્ગોની જરૂરિયાતની રજૂઆત કોની સમક્ષ કરવામાં આવે છે?
A. જિલ્લાસભા સમક્ષ
B. સામાજિક ન્યાયસમિતિ સમક્ષ
C. લોકઅદાલત સમક્ષ
D. સામાજિક ન્યાયપંચાયત સમક્ષ

45. લોકઅદાલતની કામગીરીમાં કોણ જોડાય છે ?
A. નિવૃત્ત ન્યાયાધીશ B. અભિનેતા C. સાહિત્યકાર D. શાળાના આચાર્ય

BHAVDIP VADHER (E-LEARNING)

46. એકથી વધુ તાલુકાઓ મળી શાની રચના થાય છે?
A. તાલુકાસંઘની B. રાજ્યની C. શહેરની D. જિલ્લાની

➽ ખાલી જગ્યા પૂરો (Marks - 40)

47. આપણે પંચાયતીરાજનું .........સ્તરનું માળખું સ્વીકારેલ છે.
48. ગ્રામપંચાયતનો વહીવટ કરવા સરકાર તરફથી ......... ની નિમણૂક કરવામાં આવે છે.
49. તાલુકાના વહીવટી વડાને .........કહે છે.
50. સ્થાનિક સરકારનું ત્રીજું સ્તર ......... પંચાયત છે.
51. ગ્રામપંચાયતે વર્ષમાં ઓછામાં ઓછું .........વખત ગ્રામસભાનું આયોજન કરવું ફરજિયાત છે.
52. સ્થાનિક સ્વરાજ્યના પાયાના એકમ તરીકે ..........ની રચના કરવામાં આવી છે.
53. ગુજરાતમાં પંચાયતીરાજનું માળખું ..........સ્તરનું છે.
54. ..........એ સ્થાનિક કક્ષાએ સ્વશાસન ચલાવવા માટેની ખૂબ મહત્ત્વની પદ્ધતિ છે.
55. ગ્રામપંચાયતના વડાને ..........કહે છે.
56. ગ્રામપંચાયતના ..........ને ગામના મતદારો પ્રત્યક્ષ રીતે મત આપીને ચૂંટે છે.
57. ગ્રામપંચાયતનો વહીવટ કરવા માટે સરકાર .......... નીમે છે.
58. ગ્રામપંચાયતના કાર્યાલયને ..........પણ કહેવામાં આવે છે.
59. ..........ગ્રામપંચાયતનો વહીવટ સંભાળે છે.
60. ગ્રામસભા એ ગામની ..........જેવી છે.
61. ગ્રામપંચાયતના ..........ગ્રામસભાના અધ્યક્ષ હોય છે.
62. સ્થાનિક સરકારમાં બીજું સ્તર .......... પંચાયત છે.
63. તાલુકા પંચાયતની બેઠકો તાલુકાની .......... પ્રમાણે થાય છે.
64. તાલુકા પંચાયતના વહીવટી વડા ..........ના નામે ઓળખાય છે.
65. ..........તાલુકા પંચાયતનું વાર્ષિક અંદાજપત્ર (Budget) તૈયાર કરે છે.
66. સ્થાનિક સરકારનું .......... સ્તર જિલ્લા પંચાયત છે.
67. ..........પંચાયતીરાજમાં જિલ્લા પંચાયત સૌથી ઉપરનું સ્તર છે.
68. જિલ્લા પંચાયતની મુદત ..........વર્ષની હોય છે.
69. જિલ્લા પંચાયતના વહીવટી વડાને ..........કહે છે.
70. જિલ્લા વિકાસ અધિકારીની નિમણુક ..........કરે છે.
71. સામાજિક ન્યાયસમિતિ ........... સભ્યોની બનેલી હોય છે.
72. એક લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતાં શહેરોમાં ..........અને પાંચ લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતાં શહેરોમાં .......... હોય છે.
73. નગરપાલિકાની સભ્યસંખ્યા ઓછામાં ઓછી.......... નું હોય છે.
74. નગરપાલિકાના વડાને.......... કહે છે.
75. નગરપાલિકાના વહીવટી વડાને ..........કહે છે.
76. મહાનગરપાલિકાના વડાને ..........કહે છે.
77. મહાનગરપાલિકાના વહીવટી વડાને ..........કહે છે.
78. ..........ના વડા મેયર કહેવાય છે.
79. મહાનગરપાલિકામાં ........ની ચૂંટણી દર અઢી વર્ષે થાય છે.
80. ..........સમિતિ મહાનગરપાલિકાની સૌથી વધારે મહત્ત્વની સમિતિ છે.
81. નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ..........% મહિલા અનામત સભ્યો હોય છે.
82. ..........જિલ્લાના વડા ગણાય છે.

BHAVDIP VADHER (E-LEARNING)

83. પંચાયતીરાજમાં ..........ની ભૂમિકા મહત્ત્વની છે.
84. ..........તાલુકા કક્ષાના વહીવટી અધિકારી છે.
85. મામલતદાર તાલુકાના .......... વડા છે.
86. ..........એ તકરાર (વિવાદ) નિવારણનો શ્રેષ્ઠ વિકલ્પ છે.

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 27)**

87. ગામના સરપંચને ગ્રામપંચાયતના સભ્યો ચૂંટે છે.
88. તલાટી-કમ-મંત્રી તાલુકા પંચાયતના વહીવટી અધિકારી છે.
89. જિલ્લા પંચાયત ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સરકાર છે.
90. આપણો દેશ કેન્દ્ર સરકાર ચલાવે છે.
91. પંચાયતીરાજમાં સૌથી મહત્ત્વનું એકમ તાલુકા પંચાયત છે.
92. ગ્રામપંચાયતના કાર્યાલયને 'ગ્રામસચિવાલય' કહેવામાં આવે છે.
93. ગ્રામસભા એ ગામની પંચાયત જેવી છે.
94. તાલુકા પંચાયતની બેઠકો તાલુકાની વસ્તી પ્રમાણે નક્કી થાય છે.
95. તાલુકા પંચાયતમાં મહિલાઓ માટે 33 % બેઠકો અનામત રાખવામાં આવે છે.
96. તાલુકા વિકાસ અધિકારીની નિમણૂંક રાજ્ય સરકાર કરે છે.
97. જિલ્લાના વિસ્તારના આધારે જિલ્લા પંચાયતની બેઠકો નક્કી થાય છે.
98. જિલ્લાના વિસ્તારના આધારે જિલ્લા પંચાયતની બેઠકો નક્કી થાય છે.
99. જિલ્લા પંચાયતની ઓછામાં ઓછી સભ્યસંખ્યા 52 હોય છે.
100. જિલ્લા પંચાયતની મુદત પાંચ વર્ષની હોય છે.
101. સામાજિક તકરાર સમિતિ નબળા વર્ગોને ન્યાય આપવાનું કાર્ય કરે છે.
102. નગરપાલિકાની સંભ્યસંખ્યા ઓછામાં ઓછી 28 હોય છે.
103. નગરપાલિકાના ચીફ ઑફિસર નગરપાલિકાના અધ્યક્ષનું પદ સંભાળે છે.
104. ચીફ ઑફિસરની નિમણુક રાજ્ય સરકાર કરે છે.
105. નગરપાલિકા નગરજનોને બગીચા, પુસ્તકાલય વગેરેની સગવડો પૂરી પાડે છે.
106. મેયર મ્યુનિસિપલ કમિશનરની નિમણૂક કરે છે.
107. પ્રાથમિક શિક્ષણ સમિતિ મહાનગરપાલિકાની સૌથી વધારે મહત્ત્વની સમિતિ છે.
108. કલેક્ટર તરીકેના ઉમેદવારની પસંદગી ભરતી કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા કે બઢતીથી થાય છે.
109. કલેક્ટર જિલ્લા પોલીસ ઑફિસર તરીકેની પણ કામગીરી કરે છે.
110. કલેક્ટર જિલ્લા આયોજન સમિતિના સચિવ હોય છે.
111. મામલતદારની પસંદગી રાજ્ય સરકાર કરે છે.
112. લોકઅદાલતમાં નાણાં અને સમયનો દુર્વ્યય થાય છે.
113. લોકઅદાલત એ તકરાર નિવારણનો શ્રેષ્ઠ વિકલ્પ છે.

**➽ જોડકા જોડો** **(Marks - 8)**

114. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | સરપંચ | (1) જિલ્લા પંચાયત |
| 2. | તલાટી-કમ-મંત્રી | (2) મહાનગરપાલિકા |
| 3. | તાલુકા વિકાસ અધિકારી | ( 3 ) ગ્રામપંચાયતના વહીવટી અધિકારી |
| 4. | જિલ્લા વિકાસ અધિકારી | (4) ગ્રામપંચાયતના વડા |



BHAVDIP VADHER (E-LEARNING)

115. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | નગરપાલિકાના વડા | ( 1 ) મ્યુનિસિપલ કમિશનર |
| 2. | નગરપાલિકાના વહીવટી વડા | (2) મેયર |
| 3. | પ્રમુખ | ( 3 ) મહાનગરપાલિકાના વડા |
| 4. | મહાનગરપતિ | (4) મહાનગરપાલિકાના વહીવટી વડા |

## SECTION - B

➽ **નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 35)**

116. મામલતદાર કઈ કક્ષાના વહીવટી અધિકારી છે?
117. જિલ્લાના વહીવટી વડા કોણ હોય છે?
118. મહાનગરપાલિકાના વહીવટી વડા કોને ગણવામાં આવે છે?
119. મહાનગરપાલિકામાં કેટલા ટકા મહિલા અનામત સભ્યો હોય છે?
120. મેયર પોતાના હોદ્દા પર કેટલી મુદત માટે રહી શકે છે ?
121. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ' કોને કહે છે ?
122. ગ્રામીણ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ (સરકાર) કઈ કઈ છે?
123. શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (સરકાર) કઈ - કઈ છે ?
124. ગ્રામપંચાયતની સભ્યસંખ્યા કેટલી હોય છે?
125. સરપંચ' કોને કહે છે?
126. સરપંચની ચૂંટણી કઈ રીતે થાય છે ?
127. તલાટી-કમ-મંત્રી શું કામ કરે છે ?
128. ગ્રામસચિવાલય કોને કહેવામાં આવે છે ?
129. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સૌથી પાયાનો એકમ કયો છે ?
130. ગ્રામસભાનું આયોજન વર્ષમાં કેટલી વખત કરવામાં આવે છે?
131. તાલુકા પંચાયતની સભ્યસંખ્યા કેટલી હોય છે ?
132. તાલુકા પંચાયતના વહીવટી વડા કયા નામે ઓળખાય છે ?
133. તાલુકા પંચાયતનું વાર્ષિક અંદાજપત્ર (Budget) કોણ તૈયાર કરે છે ?
134. જિલ્લા પંચાયતની સભ્યસંખ્યા કેટલી હોય છે ?
135. જિલ્લા પંચાયતમાં મુખ્યત્વે કઈ કઈ સમિતિઓની રચના કરવામાં આવે છે?
136. જિલ્લા પંચાયતનાં કાર્યો કોણ સંભાળે છે?
137. સ્થાનિક કક્ષાએ ન્યાય આપવાનું કામ કઈ કઈ સંસ્થાઓ કરે છે ?
138. નગરપાલિકાના વડા કયા નામે ઓળખાય છે?
139. નગરપાલિકાનો સઘળો વહીવટ કોના નામે થાય છે ?
140. નગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારી કયા નામે ઓળખાય છે ?
141. મેયર' (નગરપતિ) કોને કહે છે ?
142. મેયર'(નગરપતિ)ની ચૂંટણી કોણ કરે છે?
143. મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારી ક્યા નામે ઓળખાય છે ? તેમની નિમણૂક કોણ કરે છે?
144. મહાનગરપાલિકાની સમિતિઓમાં કઈ સમિતિ સૌથી વધારે મહત્ત્વની છે ?
145. સમગ્ર જિલ્લાના વડા કોણ ગણાય છે ? તે અન્ય કયા હોદ્દાઓ ધરાવે છે ?
146. તાલુકા કક્ષાના વહીવટી અધિકારી કોણ છે? તેમની પસંદગી કેવી રીતે થાય છે ?
147. લોકઅદાલતોની સ્થાપના શા માટે કરવામાં આવે છે ?
148. ગ્રામપંચાયતમાં અનામત બેઠકોની ફાળવણી કોણ કરે છે?



BHAVDIP VADHER (E-LEARNING)

149. લોકઅદાલતમાં કઈ રીતે ન્યાય મળે છે?

150. ગુજરાત રાજ્યના જિલ્લાઓમાં લોકઅદાલતોની કાયમી સ્થાપના કોના દ્વારા કરવામાં આવેલ છે ?

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 42)**

151. તલાટી-કમ-મંત્રી કયાં કયાં કાર્યો કરે છે ?

152. ગ્રામપંચાયતનો વહીવટ કેવી રીતે થાય છે?

153. ગ્રામપંચાયતની આવકનાં સાધનો જણાવો.

154. તાલુકા પંચાયતનો વહીવટ કેવી રીતે થાય છે ?

155. જિલ્લા પંચાયતનો વહીવટ કેવી રીતે થાય છે ?

156. નગરપાલિકાનો વહીવટ કેવી રીતે થાય છે ?

157. મહાનગરપાલિકાનો વહીવટ કેવી રીતે થાય છે?

158. ગ્રામપંચાયતનાં કાર્યો જણાવો.

159. ગ્રામપંચાયતની રચના કેવી રીતે થાય છે ?

160. તાલુકા પંચાયતની રચના કેવી રીતે થાય છે ?

161. તાલુકા પંચાયતનાં કાર્યો જણાવો.

162. જિલ્લા પંચાયતની રચના કેવી રીતે થાય છે ?

163. નગરપાલિકાની રચના કેવી રીતે થાય છે?

164. નગરપાલિકાનાં કાર્યો જણાવો.

165. મહાનગરપાલિકાની રચના કેવી રીતે થાય છે ?

166. ટૂંક નોંધ લખો : મહાનગરપાલિકાનાં કાર્યો વિગતે લખો.

167. ટૂંક નોંધ લખો : પંચાયતીરાજમાં જિલ્લા કલેક્ટરની ભૂમિકા

168. ટૂંક નોંધ લખો : ગ્રામસભા

169. ટૂંક નોંધ લખો : કલેક્ટર

170. ટૂંક નોંધ લખો : મામલતદાર

171. ટૂંક નોંધ લખો : લોકઅદાલત

BHAVDIP VADHER (E-LEARNING)

## Best Of Luck

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 16

# ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 00

---

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** **(Marks - 46)**

1. ગ્રામપંચાયત
2. ત્રણ
3. 500થી 25,000
4. 8
5. 16
6. દર 5 વર્ષે
7. સરપંચ
8. સરપંચની
9. ગ્રામસભાની
10. બે વખત
11. તલાટી-કમ-મંત્રી
12. સરપંચ
13. 16
14. 32
15. 50 %
16. તાલુકા વિકાસ અધિકારી
17. જિલ્લા પંચાયત
18. જિલ્લા પંચાયત
19. 52
20. 32
21. જિલ્લા વિકાસ અધિકારી
22. 5
23. સામાજિક ન્યાય સમિતિ
24. 4
25. 25,000 થી વધુ
26. 28
27. પ્રમુખ
28. ચીફ ઓફિસર
29. રાજ્ય સરકાર.
30. અઢી વર્ષનો
31. મેયર
32. અઢી વર્ષે
33. મ્યુનિસિપલ કમિશનર

BHAVDIP VADHER (E-LEARNING)

34. રાજ્ય સરકાર
35. કારોબારી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટિ)
36. 75,000ની વસ્તીએ
37. કલેક્ટર
38. મામલતદાર
39. 50 કે તેથી વધુ ગામોના
40. લોકઅદાલત
41. 18
42. ગ્રામપંચાયત
43. નગરપાલિકા
44. સામાજિક ન્યાયસમિતિ સમક્ષ
45. નિવૃત્ત ન્યાયાધીશ
46. જિલ્લાની

**➽ ખાલી જગ્યા પૂરો** **(Marks - 40)**

47. ત્રણ
48. તલાટી-કમ-મંત્રી
49. તાલુકા વિકાસ અધિકારી (T.D.O.)
50. જિલ્લા
51. બે
52. ગ્રામ-પંચાયત
53. ત્રણ
54. પંચાયતીરાજ
55. સરપંચ
56. સરપંચ
57. તલાટિ-કમ-મંત્રી
58. ગ્રામસચિવાલય
59. તલાટિ-કમ-મંત્રી
60. ધારાસભા
61. સરપંચ
62. તાલુકા પંચાયત
63. વસ્તી
64. તાલુકા વિકાસ અધિકારી
65. તાલુકા વિકાસ અધિકારી
66. ત્રીજું
67. ત્રિ-સ્તરીય
68. પાંચ
69. જિલ્લા વિકાસ અધિકારી
70. રાજ્ય સરકાર
71. પાંચ
72. નગરપાલિકા,મહાનગરપાલિકા

BHAVDIP VADHER (E-LEARNING)

73. 28
74. પ્રમુખ
75. ચીફ ઓફિસર
76. મેયર
77. મ્યુન્સિપાલ કમિશનર
78. મહાનગરપાલિકા
79. મેયર
80. કારોબારી સમિતિ
81. 50
82. કલેક્ટર
83. જિલ્લા કલેક્ટર
84. મામલતદાર
85. મહેસૂલી
86. લોકઅદાલત

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 27)**

87. ખોટું (False)
88. ખોટું (False)
89. ખરું (True)
90. ખરું (True)
91. ખોટું (False)
92. ખરું (True)
93. ખોટું (False)
94. ખરું (True)
95. ખોટું (False)
96. ખરું (True)
97. ખોટું (False)
98. ખોટું (False)
99. ખોટું (False)
100. ખરું (True)
101. ખોટું (False)
102. ખરું (True)
103. ખોટું (False)
104. ખરું (True)
105. ખરું (True)
106. ખોટું (False)
107. ખોટું (False)
108. ખરું (True)
109. ખોટું (False)
110. ખરું (True)
111. ખોટું (False)

BHAVDIP VADHER (E-LEARNING)

112. ખોટું (False)

113. ખરું (True)

**➽ જોડકા જોડો** **(Marks - 8)**

114. ( 1-4), (2 - 3), (3 – 5), (4 - 1).

115. (1 - 3), (2 - 5), (3 - 2), (4 - 1).

**SECTION - B**

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 35)**

116. મામલતદાર તાલુકા કક્ષાના વહીવટી અધિકારી છે.

117. જિલ્લાના વહીવટી વડા કલેક્ટર હોય છે.

118. મ્યુનિસિપલ કમિશનરને મહાનગરપાલિકાના વહીવટી વડા ગણવામાં આવે છે.

119. મહાનગરપાલિકામાં 50 % મહિલા અનામત સભ્યો હોય છે.

120. મેયર પોતાના હોદા પર અઢી વર્ષ માટે રહી શકે છે.

121. સ્થાનિક સ્વરાજ્યનો વહીવટ કરતી સંસ્થાઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ' કહે છે.

122. ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એ ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (સરકાર) છે.

123. નગરપાલિકા અને મહાનગરપાલિકા એ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (સરકાર) છે.

124. ગ્રામપંચાયતની સભ્યસંખ્યા ઓછામાં ઓછી 8 અને વધુમાં વધુ 16 હોય છે.

125. ગ્રામપંચાયતના વડાને ‘સરપંચ ' કહે છે.

126. ગામના નોંધાયેલા બધા મતદારો પ્રત્યક્ષ રીતે મતદાન કરીને સરપંચની ચૂંટણી કરે છે.

127. તલાટી-કમ-મંત્રી ગ્રામપંચાયતનું દફતર (કામકાજના પત્રો, ચોપડા વગેરેનો સંગ્રહ (રેકર્ડ), સંભાળે છે. તે ગ્રામપંચાયતની કાર્યવાહીના અહેવાલો અને પત્રકો તૈયાર કરે છે તેમજ તે અંદાજપત્ર તૈયાર કરી હિસાબો રાખવાનું કામ કરે છે.

128. ગ્રામપંચાયતના કાયલિયને ‘ગ્રામસચિવાલય' કહેવામાં આવે છે.

129. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સૌથી પાયાનો એકમ ગ્રામપંચાયત છે.

130. ગ્રામસભાનું આયોજન વર્ષમાં ઓછામાં ઓછું બે વખત કરવું ફરજિયાત છે.

131. તાલુકા પંચાયતની સભ્યસંખ્યા ઓછામાં ઓછી 16 અને વધુમાં વધુ 32 હોય છે.

132. તાલુકા પંચાયતના વહીવટી વડા તાલુકા વિકાસ અધિકારી'('T.D.O. - Taluka Development Officer)ના નામે ઓળખાય છે.

133. તાલુકા પંચાયતનું વાર્ષિક અંદાજપત્ર (Budget) તાલુકા વિકાસ અધિકારી તૈયાર કરે છે.

134. જિલ્લા પંચાયતની સભ્યસંખ્યા ઓછામાં ઓછી 32 અને વધુમાં વધુ 52 હોય છે.

135. જિલ્લા પંચાયતમાં મુખ્યત્વે ચૂંટાયેલા સભ્યોમાંથી કારોબારી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટિ) , શિક્ષણ સમિતિ, સામાજિક ન્યાયસમિતિ, બાંધકામ સમિતિ, આરોગ્ય સમિતિ વગેરે સમિતિઓની રચના કરવામાં આવે છે.

136. જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શાસનાધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, નાયબ કાર્યપાલક ઇજનેર વગેરે અધિકારીઓ જિલ્લા પંચાયતનાં કાર્યો સંભાળે છે.

137. સામાજિક ન્યાય સમિતિ અને લોકઅદાલતો સ્થાનિક કક્ષાએ ન્યાય આપવાનું કામ કરે છે.

138. નગરપાલિકાના વડા 'પ્રમુખ'ના નામે ઓળખાય છે.

139. નગરપાલિકાનો સઘળો વહીવટ નગરપાલિકાના પ્રમુખના નામે થાય છે.

140. નગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારી ‘ચીફ ઑફિસર'ના નામે ઓળખાય છે.

141. મહાનગરપાલિકાના વડાને ‘મેયર’ (નગરપતિ) કહે છે.

142. મહાનગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી બહુમતીથી 'મૈયર'(નગરપતિ)ની ચૂંટણી કરે છે.

143. મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારી ‘મ્યુનિસિપલ કમિશનરના' નામે ઓળખાય છે. તેમની નિમણુક રાજ્ય સરકાર કરે છે.

144. મહાનગરપાલિકાની સમિતિઓમાં કારોબારી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટિ) સૌથી વધારે મહત્ત્વની છે.

BHAVDIP VADHER (E-LEARNING)

145. કલેક્ટર સમગ્ર જિલ્લાના વડા ગણાય છે. તે જિલ્લા ન્યાયાધીશ (District Magistrate) અને જિલ્લા ચૂંટણી અધિકારી તરીકેના અન્ય હોદ્દાઓ ધરાવે છે.

146. મામલતદાર તાલુકા કક્ષાના વહીવટી અધિકારી છે. તેમની પસંદગી રાજ્ય જાહેર સેવા આયોગ (ગુજરાતમાં જી.પી.એસ.સી.) દ્વારા લેવાતી પરીક્ષા દ્વારા કે બઢતીથી થાય છે.

147. ઓછી આવક ધરાવતા સમાજના ગરીબ અને સામાજિક રીતે પછાત વર્ગના લોકો તેમજ કુદરતી આપત્તિઓના ભોગ બનનાર લોકો કોઈ પણ કારણોથી ન્યાય મેળવવામાં વંચિત ન રહે તે માટે લોકઅદાલતોની સ્થાપના કરવામાં આવે છે.

148. કલેક્ટર ગ્રામપંચાયતમાં અનામત બેઠકોની ફાળવણી કરે છે.

149. લોકઅદાલતમાં સ્થળ પર જ ઝડપી, બિનખર્ચાળ, બંને પક્ષોને સંતોષકારક અને સમાધાનકારી રીતે ન્યાય મળે છે.

150. ગુજરાત રાજ્યના જિલ્લાઓમાં લોકઅદાલતોની કાયમી સ્થાપના ગુજરાત કાનૂનીસેવા સત્તામંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ દ્વારા કરવામાં આવેલ છે.

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 42)**

151. તલાટી-કમ-મંત્રી આ કાર્યો કરે છે : (1) તે ગ્રામ- પંચાયતનો વહીવટ કરે છે. (2) તે કરવેરાની વસુલાત કરે છે.(3) તે ગ્રામપંચાયતના અહેવાલ, પત્રકો અને અંદાજપત્ર તૈયાર કરી તેના હિસાબો રાખવાનું કામ કરે છે. ( 4 ) તે ગ્રામપંચાયતનાં સુચનોનો અમલ કરે છે .

152. ગ્રામપંચાયતનો વહીવટ કરવા માટે સરકાર તરફથી તલાટી-કમ-મંત્રી'ની નિમણૂક કરવામાં આવે છે, તે ગામમાંથી કરવેરા ઉઘરાવે છે. તે ગ્રામપંચાયતની કાર્યવાહીના અહેવાલો અને પત્રકો તૈયાર કરે છે તેમજ અંદાજપત્ર તૈયાર કરી હિસાબો રાખવાનું કામ કરે છે. તે ગ્રામપંચાયતનાં સૂચનોનો અમલ કરે છે.

153. ગ્રામપંચાયતની આવકનાં સાધનો : ( 1 ) મિલકતવેરો,પાણીવેરો, દુકાનવેરો, સફાઈવેરો, દીવાબત્તીવેરો વગેરે વેરાઓ (2) રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી મળતું અનુદાન ગ્રાન્ટો ( 3 ) તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત તરફથી મળતી મદદ ( 4 ) ગામલોકો તરફથી દાન તરીકે મળતી રકમો (સ્વૈચ્છિક ગામફાળો) અને ( 5) છાણ, ખાતર અને સૂકાં વૃક્ષોના વેચાણથી થતી આવક.

154. તાલુકા પંચાયતનો વહીવટ કરવા માટે રાજ્ય સરકાર તરફથી 'તાલુકા વિકાસ અધિકારી '(T.D.O. - Taluka Development Officer)ની નિમણૂક કરવામાં આવે છે. તે તાલુકા પંચાયતના ઠરાવોનો અમલ કરાવે છે. તે તાલુકા પંચાયતનું વાર્ષિક અંદાજપત્ર (Budget) તૈયાર કરે છે. તે તાલુકા પંચાયતના તમામ કર્મચારીઓ પર દેખરેખ અને અંકુશ રાખે છે.

155. જિલ્લા પંચાયતનો વહીવટ કરવા માટે રાજ્ય સરકાર 'જિલ્લા વિકાસ અધિકારી'(D.D.O.-District Development Officer)ની નિમણુંક કરે છે. જિલ્લા વિકાસ અધિકારી રાજ્ય સરકારની યોજનાઓનું સંકલન કરી તેમનો અમલ કરાવે છે. તે જિલ્લા પંચાયત અને તેની વિવિધ સમિતિઓની કામકાજની નોંધ રાખે છે અને તેમણે લીધેલા નિર્ણયોનો અમલ કરાવે છે. તે તાલુકા પંચાયતો અને ગ્રામપંચાયતો પર દેખરેખ રાખે છે અને તેમને માર્ગદર્શન આપે છે. આ રીતે જિલ્લા પંચાયતનો વહીવટ થાય છે.

156. નગરપાલિકાનો વહીવટ કરવા માટે રાજ્ય સરકાર ' ચીફ ઑફિસર'ની નિમણૂક કરે છે. નગરપાલિકાનો વહીવટ કરવા માટે ચુંટાયેલા સભ્યોમાંથી વિવિધ સમિતિઓ બનાવવામાં આવે છે. તેમાં કારોબારી સમિતિ, નાણાં સમિતિ, આરોગ્ય અને સફાઈ સમિતિ, બાંધકામ સમિતિ વગેરે સમિતિઓ મુખ્ય છે. આ ઉપરાંત, જરૂરિયાત મુજબની અન્ય સમિતિઓ પણ બનાવવામાં આવે છે.

157. મહાનગરપાલિકાનો વહીવટ કરવા માટે રાજ્ય સરકાર 'મ્યુનિસિપલ કમિશનર'ની નિમણુક કરે છે. મહાનગરપાલિકાનો વહીવટ કરવા માટે ચૂંટાયેલા સભ્યોમાંથી વિવિધ સમિતિઓ રચવામાં આવે છે. તેમાં કારોબારી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટિ) સૌથી મહત્ત્વની સમિતિ છે.

158. ગ્રામપંચાયતનાં કાર્યો આ પ્રમાણે છે : (1) ગામના દરેક ઘરને નંબર આપવા. ( 2 ) ઘરવપરાશ અને પીવાના પાણીની વ્યવસ્થા કરવી, ( 3) ગામમાં જાહેર રસ્તાઓ બનાવવા.(4) ગામના રસ્તાઓની સફાઈ કરાવવી તેમજ ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા કરવી. ( 5) જાહેર મિલકતોની જાળવણી કરવી. ( 6) ગામમાં આરોગ્યવિષયક સગવડો ઊભી કરવી તેમજ તેની જાળવણી કરવી. ( 7 ) ગામમાં દીવાબત્તી (લાઇટ)ની વ્યવસ્થા કરવી. ( 8 ) ગામમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા ઊભી કરવી તેમજ એ શિક્ષણ માટે જનજાગૃતિ અને ફેલાવો કરવો. (9) ગ્રામવિકાસનું આયોજન કરવું. (10) ગામનાં ખેતરોના પાકોની સંભાળ રાખવી તેમજ ગૌચરની જાળવણી કરવી, (11) જમીન-દફતરની જાળવણી કરવી. (12) જન્મ-મરણનું રજિસ્ટર રાખવું અને તેમાં નોંધ કરવી.

BHAVDIP VADHER (E-LEARNING)

159. ગ્રામપંચાયત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સૌથી પાયાનો એકમ છે. સામાન્ય રીતે 500થી 25,000 સુધીની વસ્તી ધરાવતાં ગામોમાં ગ્રામપંચાયતની રચના કરવામાં આવે છે. તેની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. ગ્રામપંચાયતમાં સભ્યોની સંખ્યા ઓછામાં ઓછા 8 અને વધુમાં વધુ 16 હોય છે. આખા ગામને વૉર્ડો (મતવિભાગોમાં વહેંચવામાં આવે છે. ગામના મતદારો દરેક વોર્ડમાંથી એક ઉમેદવારને ચૂંટે છે. સરપંચની ચૂંટણી ગામના નોંધાયેલા બધા મતદારો પ્રત્યક્ષ રીતે મત આપીને ચૂંટે છે. ગ્રામપંચાયતની ચૂંટણી કોઈ પણ રાજકીય પક્ષ દ્વારા કે કોઈ રાજકીય પક્ષના પ્રતીક પર લડાતી નથી. આ રીતે ગ્રામપંચાયતની રચના થાય છે.

160. તાલુકા પંચાયતની બેઠકો તાલુકાની વસ્તીના ધોરણે નક્કી થાય છે. તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી 16 અને વધુમાં વધુ 32 હોય છે. તેમાં 50 % બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. તાલુકા પંચાયતની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. સામાન્ય રીતે તાલુકા પંચાયતની કુલ સભ્યસંખ્યા પ્રમાણે તાલુકાના વિભાગો પાડવામાં આવે છે. દરેક વિભાગના નોંધાયેલા મતદારો તેના વિભાગના સભ્યને ગુપ્ત મતદાન પદ્ધતિથી ચૂંટે છે. તાલુકા પંચાયતની પ્રથમ બેઠકમાં ચૂંટાયેલા સભ્યો બહુમતીથી તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. ચૂંટાયેલા સભ્યોમાંથી કારોબારી સમિતિ, સામાજિક ન્યાયસમિતિ વગેરે સમિતિઓની રચના કરવામાં આવે છે. આ રીતે તાલુકા પંચાયતની રચના થાય છે.

161. તાલુકા પંચાયતનાં કાર્યો : (1) સમગ્ર તાલુકામાં સ્વાસ્થ્ય અને આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવી. (2) રોગચાળાને નિયંત્રણમાં લેવા ઝડપી પગલાં ભરવાં. ( 3 ) ગામડાને તાલુકા મથક સાથે જોડતા રસ્તા બનાવવા અને તેની જાળવણી કરવી. (4) પ્રાથમિક શાળાઓની સ્થાપના કરવી અને તેમનું સંચાલન કરવું. ( 5 ) તાલુકા કક્ષાએ કૃષિ-સુધારણા માટે યોજનાઓ બનાવવી, ( 6 ) મહિલા-કલ્યાણ તથા યુવા પ્રવૃત્તિઓના વિકાસ માટે આર્થિક મદદ પૂરી પાડવી. (7) પૂર, ભૂકંપ, આગ, અકસ્માત વગેરેના આકસ્મિક સંજોગોમાં મદદ કરવી.

162. જિલ્લા પંચાયતની બેઠકો જિલ્લાની વસ્તીના ધોરણે નક્કી થાય છે. જિલ્લા પંચાયતના સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી 32 અને વધુમાં વધુ 52 હોય છે. તેમાં 50 % બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. જિલ્લા પંચાયતની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. સામાન્ય રીતે જિલ્લા પંચાયતની કુલ સભ્યસંખ્યા પ્રમાણે જિલ્લાના વિભાગો પાડવામાં આવે છે. દરેક વિભાગના નોંધાયેલા મતદારો તેના વિભાગના સભ્યને ગુપ્ત મતદાન પદ્ધતિથી ચૂંટે છે. ચૂંટાયેલા સભ્યો જિલ્લા પંચાયતની પ્રથમ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. ચૂંટાયેલા સભ્યોમાંથી કારોબારી સમિતિ, સામાજિક ન્યાય- સમિતિ, શિક્ષણ સમિતિ, બાંધકામ સમિતિ, આરોગ્ય સમિતિ વગેરે સમિતિઓની રચના કરવામાં આવે છે. આ રીતે જિલ્લા પંચાયતની રચના થાય છે.

163. સામાન્ય રીતે પચીસ હજારથી વધુ વસ્તીવાળાં શહેરોમાં નગરપાલિકા હોય છે. નગરપાલિકાના સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી 28 હોય છે. તેમાં 50 % બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. નગરપાલિકાની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. નગરપાલિકાની ચૂંટણી માટે વસ્તીના ધોરણે નગરના વૉર્ડ (મતવિભાગ) પાડવામાં આવે છે. દરેક વૉર્ડમાંથી 4 સભ્યો ચૂંટવામાં આવે છે. નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો પ્રથમ બેઠકમાં પોતાનામાંથી નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખને બહુમતીથી ચૂંટે છે. પ્રમુખની સમયમર્યાદા અઢી વર્ષની હોય છે. પ્રમુખ નગરપાલિકાનું અધ્યક્ષપદ સંભાળે છે.

164. નગરપાલિકાનાં મુખ્ય કાર્યો આ પ્રમાણે છે : (1) લોકોને પીવાનું ચોખ્ખું પાણી પૂરું પાડવું. (2) સ્વચ્છતા અને જાહેર આરોગ્યની જાળવણી કરવી. (3) નગરમાં પાકા રસ્તાઓ તૈયાર કરવા, સમરાવવા અને સ્વચ્છ રાખવા તથા તેમને નિભાવવા. ( 4) ગંદા પાણીના નિકાલ માટે ગટરયોજનાની વ્યવસ્થા કરવી. (5) જન્મ-મરણ અને લગ્નની નોંધ રાખવી. (6) પ્રાથમિક શિક્ષણનો પ્રબંધ કરવો. (7) અગ્નિશામક તંત્ર ઊભું કરવું. (8) નગરમાં અખાદ્ય પદાર્થોના વેચાણ સામે કાર્યવાહી કરવી. ( 9 ) શહેરમાં બાગબગીચા, પુસ્તકાલયો અને ટાઉનહોલ (સભાગૃહ) બનાવવા અને તેમની સારસંભાળ રાખવી. (10) જાહેર શૌચાલય અને પેશાબખાનાની વ્યવસ્થા કરવી અને તેમને સ્વચ્છ રાખવાં. (11) સ્મશાનગૃહોની સગવડ કરવી અને તેમનો નિભાવ કરવો.

165. સામાન્ય રીતે પાંચ લાખ કે તેથી વધારે વસ્તીવાળાં મોટાં શહેરોમાં મહાનગરપાલિકા હોય છે. તે 'મ્યુનિસિપલ કૉર્પોરેશન' તરીકે પણ ઓળખાય છે. મહાનગરપાલિકાની ચૂંટણી માટે 75,000ની વસ્તી દીઠ એક વૉર્ડ (મતવિભાગ) બનાવવામાં આવે છે, દરેક વૉર્ડદીઠ 4 સભ્યો ચૂંટવાના હોય છે. મહાનગરપાલિકાની કુલ બેઠકોમાંથી 50 % બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. મહાનગરપાલિકાની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. મહાનગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો દર અઢી વર્ષે પોતાનામાંથી એક સભ્યને 'મેયર' તરીકે ચૂંટે છે. મેયર મહાનગરપાલિકાના વડા છે. તે મહાનગરપાલિકાનું અધ્યક્ષપદ સંભાળે છે. આ રીતે મહાનગરપાલિકાની રચના થાય છે.

BHAVDIP VADHER (E-LEARNING)

166. મહાનગરપાલિકાનાં મુખ્ય કાર્યો નીચે પ્રમાણે છે : (1) જાહેર સ્વચ્છતા અને જાહેર આરોગ્યની જાળવણી કરવી.(2) શહેરના લોકોને પીવાનું ચોખ્ખું પાણી પૂરું પાડવું. ( 3) ગંદા પાણીના તેમજ વરસાદના પાણીના નિકાલ માટે ગટરયોજનાની વ્યવસ્થા કરવી. (4) શહેરમાં સાફસફાઈ કરાવવી તેમજ ગંદા કચરાનો નિકાલ કરવો. ( 5 ) પાકા રસ્તાઓ તૈયાર કરાવવા,સમરાવવા અને તેમને સ્વચ્છ રાખવાં. ( 6) શહેરના રસ્તાઓ પર દીવાબત્તી(સ્ટ્રીટ લાઇટ)ની વ્યવસ્થા કરવી. ( 7) પ્રાથમિક શિક્ષણનો પ્રબંધ કરવો. ( 8 ) આગ બુઝાવવા માટેનું તંત્ર (ફાયર બ્રિગેડ) ઊભું કરવું. (9) જન્મ-મરણ તેમજ લગ્નની નોંધ રાખવી. (10) ખાદ્યસામગ્રીમાં થતી ભેળસેળ અટકાવવી. (11) જાહેર દવાખાનાં, ઇસ્પિતાલો, પુસ્તકાલય, ક્રીડાંગણો, બાગબગીચા વગેરે બાંધવાં અને તેમનું સંચાલન કરવું.

167. (1) કલેક્ટર સમગ્ર જિલ્લાના વહીવટી વડા છે. ( 2 ) તે જિલ્લા ન્યાયાધીશ અને જિલ્લા ચૂંટણી અધિકારી તરીકેની પણ કામગીરી બજાવે છે. (3) તે જિલ્લા સ્તરે બધા વિભાગોનાં કામોનું સંકલન અને સંચાલન કરે છે. (4) તે સમગ્ર જિલ્લાના વિકાસ માટે બનેલી જિલ્લા આયોજન સમિતિના સચિવ તરીકે કામ કરે છે, ( 5 ) તે ગ્રામપંચાયતના સભ્યોની સંખ્યા નક્કી કરે છે. ( 6 ) તે ગ્રામપંચાયતની અનામત બેઠકોની ફાળવણી કરે છે , ( 7 ) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષનિક રીતે પછાત વર્ગના લોકો તથા મહિલાઓ માટે સરપંચનો હોદો અનામત રાખવાનો નિર્ણય કલેક્ટર કરે છે, ખરેખર, પંચાયતીરાજમાં જિલ્લા કલેક્ટરની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે.

168. પંચાયતના કાયદા મુજબ નક્કી થયેલાં કામો કરવા માટે દરેક ગામમાં ગ્રામસભા હોય છે. ગ્રામપંચાયતની ચૂંટણી પછી અગાઉથી જાણ કરીને ગ્રામસભાની બેઠક યોજાય છે. ગામના પુખ્ત વયના બધા જ મતદારો ગ્રામસભાના સભ્યો હોય છે. તેઓ ગ્રામસભામાં હાજર રહી મત આપી શકે છે તેમજ કોઈ પણ દરખાસ્ત કરી શકે છે. ગ્રામસભા ગામડાની ધારાસભા જ છે. ગ્રામસભાની સામાન્ય સભા વર્ષમાં ઓછામાં ઓછી બે વાર ફરજિયાત મળવી જોઈએ. ગામના સરપંચ ગ્રામસભાના અધ્યક્ષ હોય છે. ગ્રામસભાની બેઠકોમાં ગામમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ, તાલુકા અને જિલ્લા કક્ષાના અધિકારીઓ હાજર રહે છે.

ગ્રામસભામાં ગ્રામપંચાયતે કરવાનાં વિકાસનાં કામોનો અગ્રતાક્રમ નક્કી કરવામાં આવે છે. આ ઉપરાંત, ગામના પ્રશ્નો જેવા કે, ગામના રસ્તાઓ, પીવાનું સ્વચ્છ પાણી, ગ્રામસફાઈ, દીવાબત્તી, પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય વગેરેની પણ ચર્ચા કરવામાં આવે છે.

ગ્રામસભાનો ઉદેશ સિદ્ધ કરવા માટે દરેક ગ્રામજને ગ્રામસભામાં અવશ્ય હાજરી આપવી જોઈએ. ગ્રામપંચાયતનો પારદર્શક વહીવટ કરવા માટે ગ્રામસભામાં ગામના પ્રશ્નો અને વિકાસનાં કામોની ચર્ચા કરવી જોઈએ.

169. કલેક્ટર સમગ્ર જિલ્લાના વહીવટી વડા છે. તે જિલ્લા ન્યાયાધીશ (District Magistrate) અને જિલ્લા ચૂંટણી અધિકારી તરીકેની ફરજ પણ બજાવે છે. કલેક્ટર તરીકેના ઉમેદવારની પસંદગી કેન્દ્રીય જાહેર સેવા આયોગ (U.P.S.C.-Union Public Service Commission) દ્વારા કે બઢતીથી થાય છે.પંચાયતીરાજમાં કલેક્ટર નીચે દર્શાવેલાં કામો કરે છે :

(1) તે જિલ્લામાં વહીવટી વ્યવસ્થા જાળવે છે. (2) તે જિલ્લામાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓની અછત ન સર્જાય તેની તકેદારી રાખે છે. (3) તે પોતાના હસ્તકનાં તમામ વિભાગીય કામોનું સંકલન અને સંચાલન કરે છે. (4) તે જિલ્લા આયોજન સમિતિના સચિવ તરીકે કામ કરે છે. (3) તે ગ્રામપંચાયતની સભ્યસંખ્યા નક્કી કરે છે. (6) તે ગ્રામપંચાયતમાં અનામત બેઠકોની ફાળવણી કરે છે. (7) તે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના લોકો તથા મહિલાઓ માટે સરપંચનો હોદો અનામત રાખવાનો નિર્ણય કરે છે. ખરેખર, પંચાયતીરાજમાં કલેક્ટરની ભૂમિકા અત્યંત મહત્વની છે.

170. મામલતદાર તાલુકા કક્ષાના વહીવટી અધિકારી છે. મામલતદારની પસંદગી રાજ્ય જાહેર સેવા આયોગ (ગુજરાતમાં G.P.S.C.) દ્વારા લેવાતી પરીક્ષા દ્વારા કે બઢતીથી થાય છે. તે સરેરાશ 50 કે તેથી વધારે ગામોના સમૂહના બનેલા તાલુકાના મહેસૂલી વડા છે. તાલુકા ન્યાયાધીશ (Executive Magistrate} તરીકે તે કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ માટે કલેક્ટરને સીધી રીતે જવાબદાર છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરાવવી તેમજ ચૂંટણીઓ યોજવી, વિવિધ પ્રકારના દાખલા અને પ્રમાણપત્રો આપવાં, મધ્યાહ્ન ભોજન યોજનાનું સંચાલન અને નિયંત્રણ કરવું, કુદરતી આપત્તિઓ સમયે રાહત અને બચાવની કામગીરી કરવી વગેરે કાર્યો મામલતદાર કરે છે.

BHAVDIP VADHER (E-LEARNING)

171. આર્થિક રીતે ગરીબ અને સામાજિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ તથા કુદરતી આપત્તિઓનો ભોગ બનનાર વ્યક્તિની કોઈ પણ કારણોસર ન્યાય મેળવવામાં વંચિત ન રહે તે હેતુથી લોકઅદાલતો સ્થાપવામાં આવે છે. લોકઅદાલત એ તકરાર નિવારવા માટેનો શ્રેષ્ઠ વિકલ્પ છે. 'કોઈની ન હાર અને કોઈની ન જીત' એ રીતે લાંબા સમયથી ન પડતર રહેલા કેસોનો નિકાલ લોકઅદાલતમાં કરવામાં આવે છે.તેમાં કેસ દાખલ કરવા માટે પક્ષકારોને કોઈ ખર્ચ કરવાનો હોતો નથી. લોકઅદાલતમાં બંને પક્ષોને સંતોષકારક અને સમાધાનકારી રીતે ન્યાય આપવામાં આવે છે. લોકઅદાલતનો નિર્ણય બંને પક્ષકારોને માન્ય રહેતાં વિવાદનો અંત આવે છે. બંને પક્ષકારોને ન્યાય મળતાં નાણાં અને સમયનો બચાવ થાય છે. ગુજરાતના જિલ્લાઓમાં ગુજરાત કાનૂની સેવા સત્તામંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ દ્વારા કાયમી લોકઅદાલતોની સ્થાપના કરવામાં આવી. છે. કાયમી લોકઅદાલતોમાં કેસ દાખલ કરવા માટે અથવા કોઈ કાર્યવાહી કરવા માટે કોઈ કોર્ટ ફી ભરવાની હોતી નથી.

BHAVDIP VADHER (E-LEARNING)